# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-04-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ‘જગ વિક્રમ’ કંડલા બંદરે પહોંચ્યું :

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાનના યુદ્ધવિરામ વચ્ચે ભારતનું મહત્વનું જહાજ ‘જગ વિક્રમ’ 20,400 મેટ્રિક ટન LPG લઈને આજે કંડલા બંદરે પહોંચ્યું છે. હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી અસ્થિરતા વચ્ચે વધુ એક જહાજનું સુરક્ષિત આગમન કંડલા પોર્ટ અને સમગ્ર દેશની ઉર્જા સુરક્ષા માટે એક મહત્વની સિદ્ધિ સમાન છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનામાં રાજ્યના બંદરો કંડલા, મુન્દ્રા, વાડીનાર અને દહેજ પર વ્યૂહાત્મક રીતે મહત્વના જહાજો સફળતાપૂર્વક લાંગર્યા છે.

દરમ્યાન, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે એક બ્રીફિંગમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, “હજુ પણ 15 જેટલા ભારતીય ધ્વજ ધરાવતા અને ભારતીય માલિકીના જહાજો હોર્મુઝની ખાડીમાં છે. વિદેશ મંત્રાલય સાથે સંકલન કરીને આ તમામ જહાજો અને તેમાં સવાર ખલાસીઓને સુરક્ષિત પરત લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

-----------------------------------------------------------------------------------

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી :

આગામી ૨૬ મી એ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને જિલ્લા પંચાયતની તમામ 38 બેઠકોનું ચિત્ર સામે આવ્યું છે. ચૂંટણી પંચના સત્તાવાર આંકડાઓનું વિશ્લેષણ દર્શાવે છે કે, કચ્છમાં એક પણ બેઠક બિનહરીફ જાહેર થઈ શકી નથી અને કોઈ પણ ઉમેદવારે અત્યાર સુધી પોતાની દાવેદારી પાછી ખેંચી નથી.

કુલ ભરાયેલા 159 ફોર્મમાંથી ચકાસણી દરમિયાન 50 ફોર્મ રદ થતાં હવે તમામ 38 બેઠકો પર કુલ 109 હરીફ ઉમેદવારો મેદાનમાં ટકી રહ્યા છે. જોકે હજુ આવતીકાલ 15 એપ્રિલ સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. ત્યારબાદ અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે.

વિવિધ બેઠકોની વાત કરીએ તો, રતનાલ, સુમરાસર શેખ અને વાયોર આ 3 બેઠકો પર સૌથી વધુ 5-5 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

આ ઉપરાંત, ભીમાસર (ભુટકીયા), નલિયા, નાના કપાયા, નેત્રા અને પાન્ધ્રો આ 5 બેઠકો પર 4-4 ઉમેદવારો મેદાનમાં હોવાથી ત્યાં ચતુષ્કોણીય જંગ ખેલાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. આધોઇ, માધાપર અને મોટી ભુજપુર સહિતની 14 બેઠકો એવી છે જ્યાં 3-3 ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો થશે.

જીલ્લાની 9 તાલુકા પંચાયતોની કુલ 186 બેઠકો માટે ભરાયેલા ફોર્મની ચકાસણી પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે. આ 186 બેઠકો માટે કુલ 695 ફોર્મ ભરાયા હતા, જેમાંથી 196 ઉમેદવારી પત્રો રદ થવા પામ્યા છે. અને હવે 499 ઉમેદવારો મેદાનમાં જોવા મળી રહ્યા છે. તાલુકાવાર આંકડાઓ પર નજર કરીએ તો, ભુજ તાલુકા પંચાયતમાં સૌથી વધુ 79 ઉમેદવારો મેદાનમાં છે. તેવી જ રીતે રાપરની 24 બેઠકો માટે 69 ઉમેદવારો રહ્યા છે. અબડાસાની 18 બેઠકો માટે 61 ઉમેદવારો ટકી રહ્યા છે.

માંડવી તાલુકા પંચાયતની 20 બેઠકો માટે 47, મુંદરામાં 18 બેઠકો 49 અને સરહદી લખપત તાલુકામાં 16 બેઠકો માટે 42 ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે.

બીજી તરફ, ભચાઉ તાલુકા પંચાયતની 20 બેઠકો માટે 55 ઉમેદવારો, અંજારની 20 બેઠકો માટે 50 અને નખત્રાણાની 18 બેઠકો પર 47 ઉમેદવારો બાકી રહ્યા છે

---

## ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર :

ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા 4 એપ્રિલે જાહેર કરેલ આદેશ મુજબ વિવિધ એકમોમાં પનીરની જગ્યાએ 'એનાલોગ'ના ઉપયોગને લઈને માર્ગદર્શિકા અમલમાં મૂકાઈ છે.

આ માર્ગદર્શિકાને લઈને કચ્છ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા છેલ્લા 7 દિવસમાં તપાસ કરાઈ હતી. જેમાં 64 હોટેલ,રેસ્ટોરન્ટ, ઢાબા, 12 રિટેલર અને હોલસેલર, 3 બલ્ક મિલ્ક સેન્ટર તથા 8 મેન્યુફેક્ચર એકમોની મુલાકાત લેવામાં આવી હતી.

તપાસમાં સંચાલકોને પેકેજ્ડ પનીર ખરીદી વખતે યોગ્ય લેબલિંગ જાળવવા અને એનાલોગનો ઉપયોગ થતો હોય તો ગ્રાહકોને તેની સ્પષ્ટ જાણ થાય તે અંગે સૂચનાઓ પણ અપાઈ હતી.

મહત્વનું એ છે કે, હોટેલ કે રેસ્ટોરન્ટમાં જતાં ગ્રાહકોને તેઓ જે પનીરની વાનગી મંગાવે છે તેમાં ખરેખર પનીર છે કે એનાલોગ તેની સ્પષ્ટ જાણકારી માટે મેન્યુકાર્ડ અથવા નોટિસ બોર્ડ પર તેની સ્પષ્ટ નોંધ કરવી જોઈએ તેવું માર્ગદર્શિકામાં નિર્દેશ કરવામાં આવ્યો છે.

---

## ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ :

બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિતે આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. ભુજ અને અન્ય સ્થળોએ બાબા સાહેબેની પ્રતિમાને પુષ્પાંજલિ, રેલી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જીલ્લા મથક ભુજમાં ભીમરાવ ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આજે પણ બપોર બાદ મહા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રણીઓ જોડાયા હતા. ભુજ નજીક મિર્ઝાપર ખાતે શોભાયાત્રા તેમજ પ્રતિમા અનાવરણના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

---

## ‘સરહદ ડેરી’ :

‘સરહદ ડેરી’ એ વર્ષ 2025-26ના નાણાકીય વર્ષમાં પ્રગતિના તમામ રેકોર્ડ તોડી એક નવો વિક્રમ સર્જ્યો છે.

ડેરીએ વાર્ષિક ટર્નઓવરમાં 1,264 કરોડ રૂ.ની ઐતિહાસિક સપાટી હાંસલ કરી છે, જે ગત વર્ષની તુલનાએ 4.64%નો વધારો દર્શાવે છે. ડેરીએ આ વર્ષે સરેરાશ 4.47 લાખ લિટર પ્રતિદિન દૂધ સંપાદન નોંધાવ્યું છે, જ્યારે મહત્તમ દૂધ સંપાદન 5.26 લાખ લિટર સુધી પહોંચ્યું હતું. આ ઉપરાંત, પશુઓના સ્વાસ્થ્ય માટે ‘કેટલ ફીડ’ના વેચાણમાં પણ 20%નો જંગી ઉછાળો જોવા મળ્યો છે. સરહદ ડેરીએ ઊંટડીના દૂધના ક્ષેત્રે પણ ક્રાંતિ સર્જી છે. દૈનિક 5158 લિટર દૂધ સંપાદન સાથે ઊંટપાલકોને વાર્ષિક રૂ. 9.60 કરોડનું ચુકવણું કરવામાં આવ્યું છે.

આ સફળતા બદલ સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે તમામ પશુપાલકો, સભાસદો અને સરકારનો આભાર માન્યો હતો

---